# અઝમતે સૈયદુશ્શોહદા (અ.સ.)

હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ની આલમી અને તમામ દિલો પર છાઈ જાનારી શખ્સીયતથી કોણ વાકિફ નહીં હોય. તમામ જાણે છે કે આપ રિસાલત મઆબ મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) ના નવાસા છે અને હઝરત મૌલાના અલી અમીરૂલ મુમેનીન ના શેહઝાદા છે. જેના બાવાજી અને નાનાજી શોહરએ આફાક શખ્સીયત હોય એની ફઝીલતની શું બયાની થઈ શકે ?

આપ પંજતને પાક (અ.સ.) માંથી એક છો અને આપની ઔલાદે અત્હરમાંથી ઝુહૂરના ઝમાન તક ૧૯ અઈમ્મતે માઅસૂમીન (અ.સ.) નો સિલસિલો જારી થયો. આપ મદીનતુલ મુનવ્વરામાં ૩ શાઅબાનુલ કરીમ ૪ હી.માં પૈદા થયા અને ૧૦ મોહર્રમુલ હરામ ૬૧ હી.માં કરબલાના મૈદાનમાં શહાદતના અઝીમ દરજા પર ફાઈઝ થયા. આપની શખ્સીયત યૌમે વિલાદતથી અઝીમ અને અઝીઝ છે. એ સબબથી કે જે વક્ત આપની વિલાદત થઈ તો અલ્લાહતઆલાએ ફરિશ્તાઓને અહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) ને મુબારકબાદી આપવા વાસ્તે આસ્માનથી ઝમીન પર જાવાનો હુકમ કીધો અને આપની આ બરકતથી ફુતરૂસ જેવા ફરીશ્તા જે અલ્લાહની નાફરમાનીથી અઝાબમાં ગિરફ્તાર થયા હતા, તેની તૌબા કુબૂલ થઈ અને નજાત મીલી. આપની વિલાદત બાસઆદતથી લઈને આપની શહાદતે ઉઝમા તક ૫૭ વર્ષની મુખ્તસર ઝિંદગીમાં આપે જે કારનામાં પેશ કીધા એની મિસાલ કોઈ આ દુનિયા ના કયામ તક પેશ નહીં કરી શકે. ***આ જ વજહ છે કે આપની શખ્સીયત કોઇ એક મઝહબ યા ફીરકા યા કૌમમાં જ મશહૂરો માઅરૂફ નથી પણ આપની કુરબાની, હક્કપરસ્તી, સચ્ચાઇ અને અઝીમ કારનામાને પસંદ કરવાવાલા બીજા મઝહબ અને મિલ્લતમાં પણ ઘણા છે.*** કેમ કે આપે કોઈ એક મઝહબની ખાતિર આપની જાન કુરબાન નથી કીધી બલ્કે આલમે ઈન્સાનીયતને વાસ્તે તે અઝીમ કારનામુ અંજામ આપુ કે જે દુનિયામાં આપને પહેલા કોઈએ નહોતું કીધું અને ન કોઈ આપને બાદ આ મુજબનો શાહકાર અંજામ આપી શકશે.

**આપે કરબલાના મૈદાનમાં મશહૂરે આલમ અને સબક આમોઝ કુરબાની ન આપી હોત તો શાયદ આજે જે કંઈ ભલાઈના આઅમાલ દુનિયામાં છે એમાંથી કોઈનો પણ વુજૂદ ન હોત.**

લેહાઝા **આપે કરબલાના મૈદાનમાં મશહૂરે આલમ અને સબક આમોઝ કુરબાની ન આપી હોત તો શાયદ આજે જે કંઇ ભલાઇના આઅમાલ દુનિયામાં છે એમાંથી કોઇનો પણ વુજૂદ ન હોત.** અઝાનો ન દેવાત, ઈકામત ન કહેવાત, ખુશુઅ સાથે નમાઝ ન પઢાત, રોઝા ન રખાત, હજ્જ ન હોત, કુરઆનની હકીકતો ન હોત, અખ્લાક ન હોત, એહસાસ ન હોત, જઝબાત ન હોત, તહઝીબ ન હોત, તમદદુન ન હોત, તસ્લીમો રઝા ન હોત, હુસૂલે ખુશ્નુદીએ ખુદા ન હોત, મોસાવાત, ભાઈચારો અને હમદર્દી ન હોત, આઝાદી ન હોત, જઝબએ શહાદત ન હોત, હક્કાનીયત અને સચ્ચાઈ ન હોત, ઈતાઅતે રબ્બાની ન હોત, હુકૂકે વાલેદૈનની અદાયગી ન હોત, મહેમાન-નવાઝી ન હોત અને આખિરમાં હક્કપરસ્તી અને સિરાતે મુસ્તકીમ જ ન હોત.

આપે ઈન્સાનોને સહી તૌર પર જીવ્વાનો સલીકો શીખાવો અને દુનિયાને બતાવી દીધું કે, **"અય લોગો ! જુઓ, ઝિલ્લતની ઝિંદગીથી ઇઝ્ઝતની મૌત આ તરહ બેહતર છે અને દીને ખુદાની હિફાઝતને વાસ્તે કુરબાની હોય તો એવી હોય."** આ જ વજહ છે કે જે વક્ત યઝીદે, ઈમામે આલી મકામથી અહદો બયઅતનો મુતાલેબો કીધો તો આપે નિહાયત દિલેરાના અને મર્દાના લેહજામાં સવાલે બયઅતને માઅકૂલ જવાબ આપો કે "ખુદાની કસમ મેં મારો હાથ એક ઝલીલ ફરઝંદની જેમ તારા હાથમાં નહિ આપું અને ગુલામોની જેમ તારા ખૌફથી નાસી પણ નહિ જાઉં. બની ઉમય્યાના સરગુનાહ અબુ સિફયાનના મોં બોલા છોકરાએ મને બે રસ્તા પર લાવીને ઉભો કરી દીધો છે. કત્લ થાવું યા ઝિલ્લતો ખ્વારીની ઝિંદગી કુબૂલ કરવી. મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો નવાસો છું, **મેં કત્લ થાવું ગવારા કરી લઇશ મગર ઝિલ્લતો રૂસવાઇની ઝિંદગી હરગીઝ કુબૂલ નહિ કરૂં.** કહાં શજરતે તૈયેબા અને કહાં શજરતે ખબીસા ? હમારી ઝિંદગીના સમંદરે વફામાં આનો કોઈ વુજૂદ નથી. આ કામથી ન ખુદાતઆલા રાઝી, ન રસૂલે ખુદા (સ.અ.વ.વ.) રાઝી અને ન કે ઈમાનદાર, ન કે સાહબે અક્લ યા સાહબે ઈઝ્ઝત આ શર્ત થી રાઝી થાશે."

**મેં કત્લ થાવું ગવારા કરી લઈશ મગર ઝિલ્લતો રૂસવાઈની ઝિંદગી હરગીઝ કુબૂલ નહિ કરૂં.**

હકીકતન આપના આ ખુત્બએ જલીલાથી દુનિયાએ ઈન્સાનીયતને આ દરસો સબક મીલો છે કે, હક્કના મુકાબલામાં બાતિલને કુબૂલ ન કરવું જોઈએ જેના નતીજામાં તમને તમારી જાનને સાથે તમારા કુંબા-ખાનદાનની કુરબાની કેમ ન દેવી પડે. આ કુરબાનીનો સબક અઈમ્મતે તાહેરીન (અ.સ.) અને દોઆતે અકરમીન (ક.રૂ.) અને દાઅવતે હક્કના તાબેઅદાર મવાલીએ તાહેરીને હાસિલ કીધો અને જે વક્ત પણ હક્કને મિટાવ્વાને વાસ્તે બાતિલપરસ્તો સામના પર થતા, તો તમામે હક્કની દાઅવતના પરચમ બલંદ કરવા વાસ્તે પોતાના જાનોની બાઝી લગાવી દીધી અને આ જ વજહ છે કે હિન્દુસ્તાન જેવા મુલ્કને આઝાદી અપાવ્વાને વાસ્તે મુજાહેદીન અને દિલાવરાને મુલ્કે હુસૈન (અ.સ.) ની કુરબાનીથી સબક હાસિલ કીધો અને હિન્દુસ્તાનને અંગ્રેજોની ગુલામીની ઝંજીરોથી આઝાદી અપાવી. તો વાજિબ એ છે કે હમને પણ એ જ રાસ્તો ઈખ્તેયાર કરવો જોઈએ કે જે રાસ્તા પર મૌલાના હુસૈન ઈબ્ને અલી (અ.સ.) ચલા અને ઝિંદગીના મકસદને બતાવો અને નિદાએ આમ ફરમાવી કે, ***"બેશક કરબલાનો માઅરકો હક્કપરસ્તોની શહાદતની જીતનો માઅરકો છે અને હુસૈની લોગોની શહાદત ઝિંદગી છે અને યઝીદીયોની ઝિંદગી મૌત છે."*** અલ્લાહતઆલા હુસૈનના દાઈ સૈયદના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ના ઝરીયાથી હમને હુસૈનના માતમમાં આહોઝારી કરાવીને હમારી ઝિંદગીને હકીકી ઝિંદગી બનાવે.

**હયાત અપની કભી બેઉસૂલ મત કરના,**
**કોઈ ભી કામ ખિલાફે રસૂલ મત કરના,**
**અગર હુસૈનકી અઝમત હે તેરે સીને મેં,**
**યઝીદે વકતકી બયઅત કુબૂલ મત કરના.★**